વન્ય હિંસક પ્રાણીઓથી થતાં મારણ / નુકશાન અંગે
રાહત / વળતરમાં વધારો કરવા બાબત.

---

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવપસ/૧૦૨૦૧૦/સિં.ફા - ૬૨/ડબલ્યુ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૦-૦૫-૨૦૧૧

અગ્ર મુખ્ય વન સંરક્ષક વન્ય પ્રાણી
ગુ.રા. ગાંધીનગર.
આવક ક્રમાંક: ૧૨૮
તારીખ: ૧૩-૫-૧૧
સંગ્રહ ક્રમાંક: ૨૭

વંચાણમાં લીધાઃ-

૧. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃડબલ્યુએલપી-૧૬૯૦-૨૧૮૨-વ.૨, તારીખઃ૩૦-૦૫-૧૯૯૧
૨ વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃડબલ્યુએલપી-૧૬૯૦-૨૧૮૨-વ.૨, તારીખઃ૧૮-૧૧-૧૯૯૨
૩. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૧૮-૦૩-૧૯૯૬
૪. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૧૨-૦૮-૧૯૯૭
૫. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૧૮-૦૫-૨૦૦૦
૬. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૩૦-૧૦-૨૦૦૧
૭. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૧૬-૦૩-૨૦૦૪
૮. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાકઃવપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તારીખઃ૩૦-૦૫-૨૦૦૬
૯. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યપ્રાણી) ગાંધીનગરની સિંગલ ફાઇલ ક્રમાંકઃવપસ-સીં.ફા./૨/૨૦૧૦-૧૧/ટે.૨૭, તારીખઃ૨૩-૦૪-૨૦૧૦ થી કરેલ દરખાસ્ત.

<u>ઠ રા વ</u> -

૧. રાજયમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા માનવો તેમજ તેમના માલ ઢોરને વન્ય હિંસક પ્રાણીંઓના હુમલાથી માનવ / માલઢોરને મૃત્યુ/ઇજા થતી હોય છે. જે સંદર્ભે વન્ય હિંસક પ્રાણીથી મૃત્યુ / ઇજા / હાનિનાં પ્રસંગોએ સરકારશ્રી ધ્વારા આપવામાં આવતા વળતર / સહાયના દરો સંદર્ભ (૮) માં દર્શાવ્યા મુજબના તારીખઃ ૩૦-૦૫-૨૦૦૬ ના ઠરાવથી નકકી કરવામાં આવેલ હતા. સંદર્ભ ક્રમાંકઃ ૯, સામે દર્શાવેલ સિંગલ ફાઇલથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી) ગાંધીનગર તરફથી વન્ય હિંસક પ્રાણીથી મૃત્યુ / ઇજા / હાનિના પ્રસંગોએ સરકારશ્રી ધ્વારા આપવામાં આવતા વળતર / સહાયના દરો વધારવા માટે દરખાસ્ત કરવામાં આવેલ.

૨. સંદર્ભ ક્રમાંકઃ ૮ સામે દર્શાવેલ તારીખઃ૩૦-૦૫-૨૦૦૬ ના ઠરાવથી નિયત કરાયેલ દરોમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની